# ABSTRACT

| | |
|---|---|
| વિદ્યાર્થીનું નામ - | ક્રિશ્ના ત્રિવેદી |
| કોર્સનું નામ - | એમ.એ. |
| વર્ષ - | ૨૦૨૨ |
| શીર્ષક - | બાળકોમાં માનવીય મૂલ્યોના વિકાસ માટે શ્રીમદ્ભગવદ્ગીતાની ઉપાદેયતા |
| માર્ગદર્શકનું નામ - | ડો.જય ઓઝા |

સારા વિચારો જ જીવનમાં ઉત્તમ મૂલ્યોનું ઘડતર કરી શકે છે, શ્રીમદ્ભગવદ્ગીતા એટલે મૂલ્યોનો અખૂટ ભંડાર આમ, શ્રીમદ્ભગવદ્ગીતાના રચયિતા આર્ષદષ્ટા ઋષિ મહર્ષિ કૃષ્ણ દ્વૈપાયન વેદવ્યાસજીએ આપણને ગીતા દ્વારા ઘણું બધું પ્રદાન કરેલું છે. વૈદિક યુગના પ્રારંભથી જ આર્યાવર્તની પાવન ભૂમિ પર તત્ત્વજ્ઞાનની ત્રિપથગા સતત પ્રવાહિત થતી રહી છે. ભારતીય સંસ્કૃતિમાં ઉપનિષદો, બ્રહ્મસૂત્ર અને શ્રીમદ્ભગવદ્ગીતા એ પ્રસ્થાનત્રયી ગણાય છે.

મહાન તત્ત્વચિંતક ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન કહે છે કે, “જગતના બધા ગ્રંથોમાં મને શ્રીમદ્ભગવદ્ગીતા જેવું જ્ઞાન આપનારો બીજો એક પણ ગ્રંથ જોવા મળ્યો નથી."

એટલા માટે જ ગીતામાહાત્મ્યમ્ નામના ગ્રંથમાં કહેવાયું છે કે,

**सर्वोपनिषदो गावो दोग्धा गोपालनन्दनः ।**
**पार्थो वत्सः सुधीर्भोक्ता दुग्धं गीतामृतं महत् ॥**

પ્રસ્તુત શ્લોકનો અર્થ એમ થાય છે કે, ઉપનિષદરૂપી ગાયોનું ભગવાન શ્રીકૃષ્ણે દોહન કરી, વાછરડારૂપી અર્જુનને આપ્યું (પાન કરાવ્યું) તેવું આ ગીતામૃત મહાન છે. તેથી જ શ્રીમદ્ભગવદ્ગીતાને આપણે ધર્મગ્રંથ રૂપે સ્વીકારેલ છે જેના અધ્યયનથી જીવનમાં ઉત્તમ મૂલ્યો ખીલવી શકાય છે. તેથી ભારતીય સંસ્કૃતિના આધારભૂત ગ્રંથ એવા શ્રીમદ્ભગવદ્ગીતાનું સ્થાન સમાજમાં વિકસિત થાય અને બાળકોને માનવીય મૂલ્યો મળે તેવા આશયથી પ્રસ્તુત અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે, જેનું શીર્ષક છે - 'બાળકોમાં માનવીય મૂલ્યોના વિકાસ માટે શ્રીમદ્ભગવદગીતાની ઉપાદેયતા'